જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૨/૨૦૨૨ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૪૮/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૩૭૯૬	૪૧	૮૩૮૩૭	૮૪૭૮૪	૩૬	૮૪૮૨૦
કુલ		૧૦૦૪૦૪	૪૧	૧૦૦૪૪૫	૧૦૯૩૨૧	૩૬	૧૦૯૩૫૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૯	૪,૦૨,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૦૦	૨,૦૦,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૪૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૭૦ લીટર દેશી દારૂ, ૧૩૭ ઇંગ્લીશ બોટલ, ૧ રિક્ષા અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૨૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૫૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૩૫૧/૨૦૨૨**

અમરાઇવાડીઃ હરગોવિંદભાઇ મોહનભાઇ ચાવડા (રહે.મથુરમાસ્તરની ચાલી, નેશનલ હેન્ડલુમ પાસે અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૨/૨૦૨૨ બપોરના ૪/૦૦ થી તા.૨૦/૦૨/૨૦૨૨ સવારના ૫/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ ઈ.પો.ઇ.શ્રી કે.એસ.ચૌધરી ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૩૫૨/૨૦૨૨**

ઓઢવઃ શિવાંગીબહેન ડો/ઓ સમરજીત તિવારી (ઉ.વ.૨૫)(રહે.હરીઓમ પાર્ક સોસાયટી વિજય સેલ્સની બાજુમાં રીંગ રોડ ઓઢવ) તા.૨૦/૦૨/૨૦૨૨ રાતના ૮/૪૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકની સોસાયટીના દરવાજા બહારથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક અપાચી મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષો શિવાંગીબહેનના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શિવાંગીબહેન તિવારીએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.પટેલ ચલાવે છે.

સીડી ઉપરથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૩૫૩/૨૦૨૨**

સાબરમતીઃ વિજયકુમાર રામચરન કુશવાહ (ઉ.વ.૪૫)(રહે.રબારીવાસ જ્ઞાનસાગર સોસાયટી પાછળ જાગૃતી સ્કુલ પાસે ચાંદખેડા) તા.૨૦/૦૨/૨૦૨૨ કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે ત્રાગડ ગામ બસ સ્ટેન્ડ પાસે પાણીની ફેકટરીના ગોડાઉનની દિવાલ ઉપર સીડી મુકી કલરકામ કરતા હતા ત્યારે સીડી ઉપરથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બાબુભાઈ મરતાજી ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૩૫૪/૨૦૨૨**

સરખેજઃ ચન્દ્રભાન કલ્લુ યાદવ (ઉ.વ.૨૫)(રહે.સફાપાર્ક તાહુરા ફલેટ સામે લોખંડવાલા પાર્ટી પ્લોટ આગળ ફતેવાડી સરખેજ) તા.૨૦/૦૨/૨૦૨૨ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણી ગરમ કરવાના ઈલેકટ્રીક હીટરથી પાણી ગરમ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને આમેનાખાતુન હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિંહ પ્રભાતસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૩૫૫/૨૦૨૨**

નિકોલઃ રીટાબહેન વા/ઓ પવનભાઇ મકવાણા (ઉ.વ.૩૨)(રહે.અટલ એપાર્ટમેન્ટ, ન્યુ ઇન્ડીયા કોલોની નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૨/૨૦૨૨ રાતના ૮/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.